# ધોરણ - 7 ગણિત

| અધ્યયન નિષ્પત્તિઓ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
| --- | --- |
| M701 પૂર્ણાંક સંખ્યાઓના ગુણાકાર તથા ભાગાકાર કરે છે.<br>M701.1 પૂર્ણાંક સંખ્યાઓના સરવાળા તથા બાદબાકી વિશેના ગુણધર્મોનું સામાન્યીકરણ કરે છે. અને તે ગુણધર્મોનો ઉપયોગ કરી ગાણિતિક ક્રિયાઓ સરળ રીતે કરે છે.<br>M701.2 પૂર્ણાંક સંખ્યાઓના ગુણાકાર કરે છે. તથા તેને લગતા વ્યવહારુ કોયડાઓ ઉકેલે છે.<br>M701.3 ઉદાહરણો/પેટર્ન દ્વારા પૂર્ણાંક સંખ્યાઓના ગુણાકાર વિશેના ગુણધર્મોનું સામાન્યીકરણ કરે છે. તથા તે ગુણધર્મોનો ઉપયોગ કરી ગાણિતિક ક્રિયાઓ સરળ રીતે કરે છે.<br>M701.4 પૂર્ણાંક સંખ્યાઓના ભાગાકાર કરે છે. તથા તેને લગતા વ્યવહારુ કોયડાઓ ઉકેલે છે. | • પુનરાવર્તિત સરવાળા કરાવી ગુણાકારની પ્રક્રિયા શીખવવી.<br>❖ સંખ્યારેખાની મદદથી ગુણાકારની પ્રક્રિયા શીખવવી.<br>❖ પેટર્ન અને રમત દ્વારા  ગુણાકારના દાખલા ગણાવવા.<br>❖ ગુણધર્મોનો ઉપયોગ કરાવી ગુણાકારના દાખલા ગણાવવા. |
| M702 અપૂર્ણાંકોના ગુણાકાર તથા ભાગાકારની સમજ કેળવે છે. જેમ કે $\frac{2}{3} \times \frac{4}{5}$ એટલે $\frac{4}{5}$ નો $\frac{2}{3}$ મો ભાગ, ઉપરાંત $\frac{1}{2} \div \frac{1}{4}$ એ કેટલા $\frac{1}{4}$ ભાગ ભેગા કરવાથી $\frac{1}{2}$ બને? | • જુદી જુદી પેટર્નની અને પદ્ધતિની  મદદથી અપૂર્ણાંકોના ગુણાકારની પ્રક્રિયા શીખવવી.<br>• જુદી જુદી પેટર્ન અને પદ્ધતિની મદદથી અપૂર્ણાંકોના ભાગાકારની પ્રક્રિયા શીખવવી.<br>• શુદ્ધ-અશુદ્ધ અપૂર્ણાંકની સમજૂતીનું પુનરાવર્તન કરાવવું. અપૂર્ણાંક સંખ્યાઓના પૂર્ણ સંખ્યાઓ અને પૂર્ણાંક સંખ્યાઓ સાથેના સરવાળા, બાદબાકીની ગણતરીનું પુનરાવર્તન કરાવવું.<br>• ચિત્રાત્મક રજૂઆત કરી દશાંશ સંખ્યાની ગુણાકારની પ્રક્રિયા શીખવવી.<br>• 10, 100, અને 1000 વડે ભાગાકાર કરાવવા.<br>• દશાંશ સંખ્યાનો પૂર્ણ સંખ્યા વડે ભાગાકાર કરાવવો.<br>• દશાંશ સંખ્યાનો દશાંશ સંખ્યા વડે ભાગાકાર કરાવવો.<br>• પરિમિતિ તથા ક્ષેત્રફળવાળા ઉદાહરણ દ્વારા અપૂર્ણાંકના ગુણાકાર કરાવવા.<br>• વિવિધ ઉદાહરણ દ્વારા અપૂર્ણાંકના ગુણાકાર-ભાગાકારના વ્યવહારૂ કોયડાઓ ઉકેલવા. |
| M703 અપૂર્ણાંક અને દશાંશ સંખ્યાના ગુણાકાર/ભાગાકાર માટે વિવિધ રીતનો ઉપયોગ કરે છે.<br>M703.1 અપૂર્ણાંક સંખ્યાઓનો પૂર્ણ સંખ્યા સાથે ગુણાકાર કરે છે.<br>M703.2 અપૂર્ણાંક વડે અપૂર્ણાંકનો ગુણાકાર કરે છે.<br>M703.3 અપૂર્ણાંક દ્વારા પૂર્ણ સંખ્યાના ભાગાકાર કરે છે.<br>M703.4 પૂર્ણ સંખ્યા દ્વારા અપૂર્ણાંક સંખ્યાના ભાગાકાર કરે છે.<br>M703.5 અપૂર્ણાંક દ્વારા અન્ય અપૂર્ણાંકના ભાગાકાર કરે છે.<br>M703.6 દશાંશ સંખ્યાના પૂર્ણ સંખ્યા અને દશાંશ સંખ્યા સાથે ગુણાકાર કરે છે. | |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|
| M703.7 દશાંશ સંખ્યાના 10,100,1000 વડે ગુણકાર કરે છે.<br>M703.8 દશાંશ સંખ્યાના પૂર્ણ સંખ્યા અને દશાંશ સંખ્યા વડે ભાગાકાર કરે છે.<br>M703.9 દશાંશ સંખ્યાના 10,100,1000 વડે ભાગાકાર કરે છે.<br>M703.10 દશાંશ સંખ્યાનો ઉપયોગ રોજીંદા વ્યવહારમાં વપરાતી રાશિઓ માટે કરે છે.<br>M703.11 દશાંશ સંખ્યાના ગુણાકાર-ભાગાકારનો ઉપયોગ કરી વ્યવહારુ કોયડા ઉકેલે છે. | |
| M704 સંમેય સંખ્યાને લગતા રોજીંદા જીવનના વ્યવહારુ કોયડા ઉકેલે છે. | • આધાર અને ઘાતાંકની સંકલ્પના સ્પષ્ટ કરાવવી.<br>❖ સંખ્યાને ઘાત સ્વરૂપમાં દર્શાવવા.<br>❖ ગુણાકાર સ્વરૂપને ઘાત સ્વરૂપમાં દર્શાવવા.<br>❖ અવિભાજ્ય અવયવ પાડીને સંખ્યાને ઘાત સ્વરૂપમાં દર્શાવવી.<br>❖ ઘાત સ્વરૂપ પરથી કિંમત શોધાવવી.<br>❖ સરખા આધાર પર ઘાતાંકોના ગુણાકાર અને ભાગાકારના નિયમો સમજાવવા.<br>❖ ઘાતના ઘાતનો નિયમ સમજાવવો.<br>❖ ઘાતાંક તરીકે 0 ની સંકલ્પના સ્પષ્ટ કરાવવી.<br>❖ સંખ્યાના વિસ્તૃત સ્વરૂપને પ્રમાણભૂત સ્વરૂપમાં દર્શાવવું.<br>❖ ઘાતાંકના નિયમોનો ઉપયોગ થતો હોય તેવા યોગ્ય ઉદાહરણ ગણાવવા. (સાદુ રૂપ આપીને) |
| M705 ઘાત સ્વરૂપનો ઉપયોગ કરી, મોટી સંખ્યાના ગુણાકાર અને ભાગાકાર કરે છે.<br>M705.1 પુનરાવર્તિત ગુણાકારને ઘાત સ્વરૂપે દર્શાવે છે.<br>M705.2 ઘાત સ્વરૂપની કિંમત શોધે છે.<br>M705.3 ઘાતાંકના નિયમોનો ઉપયોગ કરી સાદુ રૂપ આપે છે. તથા ઘાત સ્વરૂપે લખે છે.<br>M705.4 ઘાતાંકના નિયમોનો ઉપયોગ કરી કિંમત શોધે છે.<br>M705.5 આપેલ સંખ્યાને વિસ્તૃત સ્વરૂપે લખે છે. તથા વિસ્તૃત સ્વરૂપ પરથી સંખ્યા લખે છે.<br>M705.6 મોટી સંખ્યાને પ્રમાણભૂત સ્વરૂપમાં દર્શાવે છે. | |
| M706 રોજીંદા જીવનની પરિસ્થિતિને સરળ સમીકરણ સ્વરૂપમાં દર્શાવે છે. તેમજ સમીકરણ ઉકેલે છે.<br>M706.1 વિધાનોને સમીકરણ સ્વરૂપમાં લખે છે.<br>M706.2 આપેલ ચલની કિંમત સમીકરણની શરત સંતોષે છે. કે નહિ તે કહે છે. તેમજ પ્રયત્ન અને ભૂલની રીતે સમીકરણ ઉકેલે છે.<br>M706.3 આપેલ સમીકરણનો ઉકેલ શોધે છે.<br>M706.4 સમીકરણના ઉકેલ પરથી સમીકરણની રચના કરે છે. | • વિવિધ ચલ અને અચલનો ઉપયોગ કરી વિવિધ બીજગણિતીય સ્વરૂપો બનાવડાવવા.<br>❖ દૈનિક જીવનની એવી પરિસ્થિતિ આપવી જેનાથી તે સમીકરણ બનાવે અને તેની અંદાજીત કિંમત ધારી શકે.<br>❖ દૈનિક જીવનમાં ઉપયોગી વસ્તુઓ ઉમેરવાની કે બાદ કરવાની પ્રવૃત્તિઓ કરાવવી જેમ કે ૩ નોટબુકમાં કેટલીક નોટબુક ઉમેરતા 5 નોટબુક થાય છે. તો કેટલી નોટબુક ઉમેરવામાં આવી તે શોધે તેવી વિવિધ પ્રવૃત્તિઓ કરાવવી. |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|
| M706.5 વ્યવહારુ પરિસ્થિતિમાં સરળ સમીકરણનો ઉપયોગ કરે છે. તથા વ્યવહારું કોયડા ઉકેલે છે. | |
| M707 બીજગણિતીય પદાવલિને સમજે છે. અને તેના સરવાળા બાદબાકી કરે છે.<br>M707.1 પદાવલિના પદો તેમજ પદના સહગુણક જણાવે છે. તથા તેમાં રહેલા સજાતીય અને વિજાતીય પદો કહે છે.<br>M707.2 આપેલ પદાવલિનું એકપદી ,દ્વિપદી અને ત્રિપદીમાં વર્ગીકરણ કરે છે.<br>M707.3 બીજગણિતીય પદાવલિની કિંમત શોધે છે.<br>M707.4 બીજગણિતીય પદાવલિનો ઉપયોગ સૂત્રો, નિયમો, પેટર્ન વગેરેમાં કરે છે. | • ચલ અને અચલને આધારે પદાવલિની રચના કરાવવી.<br>• પદાવલિના પદના અવયવ, સહગુણકની સમજને આધારે પદોના સરવાળાની સમજ આપવી.<br>• સજાતીય અને વિજાતીય પદની ઓળખ આપવી.<br>• એકપદી, દ્વિપદી ,ત્રિપદી અને બહુપદીની સંકલ્પના સ્પષ્ટ કરાવવી.<br>• પદાવલિના સરવાળા અને બાદબાકી બીજગણિતીય સાદા રૂપને આધારે ઉકેલવા.<br>• આપેલ પદાવલિની કિંમત શોધવા માટેના દાખલા ગણાવવા.<br>• નિયમ અને સૂત્રોને આધારે વિવિધ પેટર્ન દ્વારા બીજગણિતીય પદાવલિનો ઉપયોગ કરી વ્યવહારૂ કોયડાઓ ઉકેલવા. |
| M708 પ્રમાણમાં રહેલ રાશિઓને ઓળખી બતાવે છે. જેમ કે 15,45,40,120 એ પ્રમાણમાં છે. $\frac{15}{45}$અને $\frac{40}{120}$બંને સમાન છે. | • સરખામણી અને સમાન ગુણોત્તરની તુલના કરે એવા વિવિધ ઉદાહરણ દ્વારા કોયડાઓ ઉકેલવા.<br>• ટકાવારીની સંકલ્પના સ્પષ્ટ કરાવવી.<br>• અપૂર્ણાંક સંખ્યાઓ અને ટકાનું પરસ્પર રૂપાંતર કરાવવું અને તે અનુરૂપ યોગ્ય ઉદાહરણ આપવા.<br>• કોઈપણ ક્ષેત્રનો અંદાજીત ભાગ શોધવા માટે ટકાનો ઉપયોગ કરવો.<br>• ટકાવારીનો ગુણોત્તર સાથેનો સંબંધ દર્શાવી ઉદાહરણ આધારિત ચર્ચા યોજવી.<br>• ચોક્કસ રાશિ કે જથ્થામાં થતો વધારો કે ઘટાડો ટકાવારીના સંદર્ભે સમજાવી સૂત્રોનો ઉપયોગ કરી જરૂરી ઉદાહરણો સમજાવવા.<br>• ખરીદી-વેચાણ પ્રક્રિયામાં ઉપયોગમાં લેવાતા વિવિધ પારિભાષિક શબ્દો જેવા કે, પ.કિ, વે.કિ, નફો, ખોટ, વગેરેની સંકલ્પના સ્પષ્ટ કરાવવી. (નાટ્યીકરણ દ્વારા વર્ગખંડમાં પ્રત્યક્ષ વ્યવહારુ જીવનની ખરીદ-વેચાણની પ્રક્રિયાને પ્રતીકરૂપ બાબતો દ્વારા સમજાવવી.)<br>• નફો અને ખોટની ટકાવારી સૂત્રોનો ઉપયોગ કરી વિવિધ ઉદાહરણ દ્વારા શોધવી.<br>• પ.કિ, વે.કિ. અને નફો કે ખોટ આ ત્રણમાંથી કોઇપણ બે ની કિંમત પરથી બાકીના એકનું મૂલ્ય શોધી શકે તેવા ઉદાહરણો પૂરા પાડવા. |
| M709 અપૂર્ણાંક અને દશાંશ અપૂર્ણાંકને ટકામાં તથા ટકાને અપૂર્ણાંક અને દશાંશ અપૂર્ણાંકમાં ફેરવે છે.<br>M709.1 ટકાનું કેટલા માં રૂપાતંર કરે છે. તેમજ તે આધારિત કોયડાઓ ઉકેલે છે.<br>M709.2 ગુણોત્તરને ટકામાં ફેરવી શકે છે. તથા તે આધારિત કોયડાઓ ઉકેલે છે.<br>M709.3 રોજીંદા જીવન વ્યવહારમાં મૂળ રાશિમાં થતા વધારા કે ઘટાડાને ટકામાં દર્શાવે છે. તથા તે આધારિત કોયડાઓ ઉકેલે છે. | |
| M710 નફા-ખોટની ટકાવારીની તેમજ સાદા વ્યાજના વ્યાજ દરની ગણતરી કરે છે.<br>M710.1 ટકાવારીનો ઉપયોગ કરી નફા અને ખોટની ગણતરી કરે છે. તેમજ તે આધારિત વ્યવહારુ કોયડા ઉકેલે છે.<br>M710.2 સાદા વ્યાજની ગણતરી કરે છે. તેમજ તે આધારિત વ્યવહારુ કોયડા ઉકેલે છે. | |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|
| | • સાદું વ્યાજ, વ્યાજમુદ્દલ, મુદ્દલ, મુદત, વ્યાજનો દર જેવા પારિભાષિક શબ્દોની સંકલ્પના સ્પષ્ટ કરાવવી.<br>• સૂત્રનો ઉપયોગ કરી સાદા વ્યાજના ઉદાહરણો સમજાવવા અને દૈનિક પરિસ્થિતિઓનું નિર્માણ કરાવવું) .મુદ્દલ, મુદત, વ્યાજનોદર અને વ્યાજમુદ્દલ પણ મેળવી શકાય) |
| M711 ખૂણાઓના ગુણધર્મોને આધારે વર્ગીકરણ કરી શકે છે. (જેમકે, રૈખિક જોડના ખૂણા, પૂરકકોણ, કોટિકોણ ,આસન્નકોણ અને અભિકોણ) તથા એક ખૂણાનું માપ આપેલ હોય તે પરથી અન્ય ખૂણાનું માપ શોધે છે.<br>M711.1 આપેલ આકૃતિમાં વિવિધ ખૂણાઓની જોડને ઓળખે છે.<br>M711.2 આકૃતિના આધારે માગેલ ખૂણાઓની જોડ લખે છે. | • સામાન્ય બિંદુ ધરાવતા અને દૈનિક જીવનમાં ઉપયોગમાં લેવાતી વસ્તુ, ચિત્રો, આકારોમાં જોવા મળતા હોય તેવા ખૂણાઓની જોડના ઉદાહરણ આપવા. (કાતર, ચાર રસ્તા, મૂળાક્ષર વગેરે)<br>• આકૃત્તિ દોરી વિવિધ ખૂણાઓની જોડના પ્રકારના ગુણધર્મો ચકાસવા. (એક ગ્રુપને એક ખૂણો અને બીજા ગ્રુપને બીજો ખૂણો મપાવવો)<br>• ઉચ્ચ પ્રાથમિક શાળાની NCERT દ્વારા તૈયાર થયેલ ગાણિતીક કિટની મદદથી બે રેખા વચ્ચેના સંબંધ (રેખા સમાંતર હોય અને ના હોય ત્યારે) પ્રાયોગિક રીતે સમજાવવા. |
| M712 બે રેખાઓની છે.દિકાથી બનતા ખૂણાની લાક્ષણિકતા ચકાસે છે.<br>M712.1 બે સમાંતર રેખાઓની છે.દિકાથી બનતા ખૂણાઓની જોડ ઓળખે છે. તેમજ એક ખૂણાના આપેલા માપ પરથી અન્ય ખૂણાના માપ શોધે છે.<br>M712.2 બે રેખાઓની છે.દિકાથી બનતા ખૂણાની લાક્ષણિકતા ચકાસી આપેલ રેખાઓ માટે સમાંતરત્વની ચકાસણી કરે છે. | |
| M713 ત્રિકોણના બે ખૂણાઓના માપ આપેલ હોય તેના પરથી ત્રીજા ખૂણાનું માપ શોધે છે.<br>**M713.1** ત્રિકોણના બહિષ્કોણના ગુણધર્મની મદદથી ખૂણાના માપ શોધે છે.<br>**M713.2** પાયથાગોરસના ગુણધર્મનો કાટકોણ ત્રિકોણના ઉપયોગ કરી બે બાજુના આપેલ માપ પરથી ત્રીજી બાજુનું માપ શોધે છે. તેમજ તે આધારિત વ્યવહારુ કોયડાઓ ઉકેલે છે.<br>**M713.3** ત્રિકોણની મધ્યગા, ત્રિકોણનો વેધ, સમબાજુ ત્રિકોણ, સમદ્વિબાજુ ત્રિકોણ અને ત્રિકોણ ની બાજુની લંબાઇનો ગુણધર્મ વિષે સમજે છે. | |
| M714 ત્રિકોણની આપેલી માહિતી પરથી તેમની એકરૂપતા વિષે જણાવે છે. ( બાબબા, બાખુબા, ખુબાખુ, કાકબા) | • ત્રિકોણની બાજુઓ અને ખૂણાઓ વચ્ચેનો સંબંધ સમજાવવો.<br>• વિવિધ પ્રકારના ત્રિકોણ દોરાવવા અને ખૂણા મપાવવા. |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|
| M7141. ત્રિકોણની આપેલી એકરૂપતા પરથી ત્રિકોણની માહિતી મેળવે છે. | • પેપર ફોલ્ડીંગ દ્વારા સમરૂપ આકૃતિઓની સમજ આપવી.<br>• એકરૂપ હોવા માટેની લાક્ષણિકતા સમજાવવી ત્યારબાદ એક આકૃતિ પર બીજી આકૃતિ મૂકી તેની ચકાસણી કરાવવી. |
| M715 માપપટ્ટી અને પરિકરની મદદથી આપેલી રેખા પર હોય અને ન હોય તેવા બિંદુમાંથી તે રેખાને સમાંતર રેખા તેમજ લંબ રેખાની રચના કરે છે. તથા ત્રિકોણની રચના કરે છે.<br>M715.1 માપપટ્ટી અને પરિકરની મદદથી આપેલી રેખા પર ન હોય તેવા બિંદુમાંથી તે રેખાને સમાંતર રેખાની રચના કરે છે.<br>M715.2 માપપટ્ટી અને પરિકરની મદદથી ત્રિકોણની ત્રણ બાજુની લંબાઇ આપેલી હોય તેવા ત્રિકોણની રચના કરે છે.<br>M715.3 માપપટ્ટી અને પરિકરની મદદથી ત્રિકોણની બે બાજુના માપ અને અંતગર્ત ખૂણાનું માપ આપેલ હોય તેવા ત્રિકોણની રચના કરે છે.<br>M715.4 માપપટ્ટી અને પરિકરની મદદથી ત્રિકણના બે ખૂણાના માપ અને અતર્ગત બાજુની લંબાઇ આપી હોય તેવા ત્રિકોણની રચના કરે છે.<br>M715.5 માપપટ્ટી અને પરિકરની મદદથી ત્રિકોણની એક બાજુ અને કર્ણનું માપ આપેલુ હોય તેવા કાટકોણ ત્રિકોણની રચના કરે છે. | • આપેલ રેખાના બહારના બિંદુમાંથી આપેલ રેખાને સમાંતર વિભિન્ન રેખાઓ દોરાવવા અંગેનો મહાવરો કરાવવો.<br>• વર્તુળ અને માપપટ્ટી દ્વારા સાદા ત્રિકોણ દોરાવવા. |
| M716 એકમ ચોરસ ખાના અથવા ગ્રાફની મદદથી આપેલ બંધ આકૃતિનું અંદાજીત ક્ષેત્રફળ શોધે છે. | • હાર્ડ બોર્ડ/ જાડા કાગળ પર દોરેલ વિવિધ આકૃતિઓના આકાર કાપવા.<br>• ગ્રાફ પેપર પર દોરેલ વિવિધ આકૃતિઓએ રોકેલ ખાના (આખા અને અડધા) પરથી અંદાજિત ક્ષેત્ર શોધવું.<br>• ચર્ચા દ્વારા બાળકોને લંબચોરસ/ચોરસના ક્ષેત્રફળ શોધવાના સૂત્ર પર આવવા પ્રોત્સાહિત કરવા.<br>• ક્ષેત્રફળ પરથી લંબાઈ, પહોળાઈ અને પરિમિતિ શોધવી. |
| M717 ચોરસ અને લંબચોરસના ક્ષેત્રફળની ગણતરી કરે છે.<br>M717.1 ચોરસ અને લંબચોરસની પરિમિતિ શોધે છે. | |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
| --- | --- |
| M717.2 ચોરસ અને લંબચોરસનું ક્ષેત્રફળ શોધે છે. અને તેને આધારિત સમસ્યા ઉકેલે છે.<br>M717.3 લંબચોરસના ભાગ તરીકે ત્રિકોણ તેમજ અન્ય એકરૂપ ભાગોના સામાન્યીકરણ સ્વરૂપે દર્શાવે છે. | |
| M718 વિદ્યાર્થીઓની રોજિંદા જીવનની માહિતી પરથી પ્રતિનિધિત્વ ધરાવતી કિંમત શોધે છે. (મધ્યક,મધ્યસ્થ,બહુલક)<br>M718.1 આપેલ માહિતીનો વિસ્તાર શોધે છે.<br>M718.2 આપેલ માહિતી પરથી સરાસરી શોધે છે.<br>M718.3 આપેલ માહિતી પરથી બહુલક શોધે છે.<br>M718.4 આપેલ માહિતી પરથી મધ્યસ્થ શોધે છે. | • માહિતીના પ્રતિનિધિ મૂલ્યો શોધાવવા.<br>❖ દા.ત. અવર્ગીકૃત માહિતીનો મધ્યક, મધ્યસ્થ અને બહુલક.<br>• માહિતી પરથી આવૃત્તિ વિતરણ તૈયાર કરાવવું.<br>• માહિતી પરથી લંબઆલેખ અને દ્વિલંબઆલેખ બનાવવા પ્રોત્સાહિત કરો.<br>• હયાત માહિતીને આધારે ભવિષ્યની ધારણા માટેના તારણો કઢાવવા.<br>• 'તક' પદનો ઉલ્લેખ થાય. એવી પરિસ્થિતિઓની ચર્ચા કરાવવી.<br>❖ દા.ત. આજે વરસાદ થવાની કેટલી સંભાવના, ફૂકરીને ઉઠાવતા કેટલી તક કે નક્કી અંક મળે? |
| M719 રોજિંદા જીવનમાં ચલિતતા નક્કી કરે છે.,( જેમ કે વર્ગખંડમાં વિદ્યાર્થીઓની ઊંચાઈમાં થતો ફેરફાર, સિક્કાને ઉછળતા મળતા હેડ અને ટેલ મળવાની અનિશ્ચિતતા)<br>M719.1 બનતી ઘટનાની સંભાવના કહે છે. | |
| M720 માહિતી પરથી લંબ આલેખ અને દ્વિલંબ આલેખનું અર્થઘટન કરે છે.<br>M720.1 માહિતી પરથી, પ્રમાણમાપ લઇ લંબઆલેખ અને દ્વિલંબ આલેખ દોરે છે. | |
| M721 સંમેય સંખ્યાઓ વિશે સમજે છે. અને વિવિધ પરિસ્થિતિઓમાં સંમેય સંખ્યાઓનો ઉપયોગ કરી ગણતરી કરે છે.<br>M721.1 ધન અને ઋણ સંમેય સંખ્યા જણાવે છે.<br>M721.2 સંમેય સંખ્યાઓનું સંખ્યારેખા પર નિરૂપણ કરે છે.<br>M721.3 સંમેય સંખ્યાને પ્રમાણિત સ્વરૂપમાં ફેરવે છે.<br>M721.4 સંમેય સંખ્યાની સરખામણી કરે છે. તેમજ બે સમેય સંખ્યાની વચ્ચે આવતી સંમેય સંખ્યાઓ શોધે છે. | • સંમેય સંખ્યાની સંકલ્પના સ્પષ્ટ કરાવવી.<br>• સમાન સંમેય સંખ્યાઓની સમજૂતી આપવી. અને ધન-ઋણ સંમેય સંખ્યાઓની સમજૂતી આપવી.<br>• સંમેય સંખ્યાઓની સંખ્યારેખા પર નિરૂપણ કરાવવું.<br>• સંમેય સંખ્યાના પ્રમાણિત સ્વરૂપની સમજ આપવી.<br>• સંમેય સંખ્યાની સરખામણી કરી નાની-મોટી સંમેય સંખ્યા જણાવવી.<br>• બે સંમેય સંખ્યાઓ વચ્ચે આવતી નક્કી કરેલ સંમેય સંખ્યાઓની ઓળખ આપવી.<br>• બે સંમેય સંખ્યાઓના સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર કરાવવા |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|
| M721.5 સંમેય સંખ્યાની પાયાની ચાર ક્રિયાઓની ગણતરી કરે છે. | |
| M722 રૈખિક સંમિતિ તથા પરિભ્રમણીય સંમિતિ વિશે સમજ કેળવે છે.<br>M722.1 આપેલ આકૃતિમાં રૈખિક સંમિતિ દોરે છે., રૈખિક સંમિતિને આધારે આકૃતિ દોરે છે.<br>M722.2 આપેલ આકૃતિનો પરિભ્રમણીય સંમિતિનો ક્રમ, પરિમભમણ કેન્દ્ર તથા પરિભ્રમણ કોણ કહે છે.<br>M722.3 રૈખિક અને પરિભ્રમણિય બંને સંમિતિ ધરાવતી વિવિધ આકૃતિઓ દોરે છે. | • નિયમિત બહુકોણની આકૃતિ માટે રેખાઓની સંમિતિ સમજાવે<br>• ઘડિયાળના કાંટાની સ્થિતિ પરથી પરિભ્રમણીય સંમિતિ સમજાવે<br>• જુદીજુદી આકૃતિમાં પરિભ્રમણીય સંમિતિના ક્રમની ચર્ચા કરે.<br>• રૈખિક અને પરિભ્રમણીય સંમિતિ માટે અંક, મૂળાક્ષરો અને આકારોમાં રૈખિક અને પરિભ્રમણીય સંમિતિની કક્ષાની ચર્ચા કરે. |
| M723 ઘન આકારોનું વિવિધ જગ્યાએથી પ્રત્યક્ષીકરણ કરે છે.<br>M723.1 ફલક, ધાર અને શિરોબિંદુ વિશે જાણે છે.<br>M723.2 3D આકારોની નેટ ઓળખે છે.<br>M723.3 ઘનાકારોની તિર્યક અને સંમિતિય આકૃતિઓ બનાવે છે.<br>M723.4 3-D આકારના અવલોકન પરથી તેના દેખાવને બતાવે છે.<br>M723.5 ઘનાકારો ઊભો કે આડા કાપતા કયા આડછે.દ મળે તે કહે છે.<br>M723.6 3-D આકારના પડછાયાથી કેવી આકૃતિ તથા આપેલ અડછાયો કયા 3-D ઘનાકારની હશે તે કહે છે. | • સમતલીય આકૃતિ અને ઘનાકારોનું પ્રત્યક્ષીકરણ કરાવી ઓળખ આપવી. ( ચિત્રદ્વારા, ટેબલ પર વસ્તુરાખી, video દ્વારા )<br>• ઘનાકારના ફલક અને શિરોબિંદુની સંકલ્પના સ્પષ્ટ કરાવવી<br>• પૂંઠામાંથી બોક્ષ બનાવી સમઘન અને લંબઘન જેવા 3D- આકારો બનાવવા<br>• કાગળ(કાર્ડ પેપર)માંથી શંકુ, નળાકાર, પિરામિડ જેવા 3D આકાર બનાવવા.<br>• આપેલ નમૂનાઓને ખોલીને જોવા મળતી પ્રતિકૃતિનું 2D પેપર પર રેખાંકન કરાવવું.<br>• રેખાકૃતિ અને ઘનાકારની જોડી બનાવવી |
| M724 ત્રિકોણ સંબંધી વિવિધ સંકલ્પનાઓને સમજે છે. અને તે સબંધી વિવિધ ગુણધર્મોનો વિવિધ પરિસ્થિતિમાં ઉપયોગ કરે છે.<br>M 724.1 ત્રિકોણની મધ્યગા અને વેધની સમજ કેળવે છે.<br>M724.2 ત્રિકોણના બહિષ્કોણના ગુણધર્મની મદદથી ખૂણાના માપ શોધે છે.<br>M724.3 વિશિષ્ટ ત્રિકોણ જેવા કે સમબાજુ અને સમદ્વિબાજુ ની સમજ કેળવે છે.<br>M724.4 ત્રિકોણની બે બાજુની લંબાઈના સરવાળાના ગુણધર્મો આધારિત કોયડા ઉકેલે | • ત્રિકોણના ગુણધર્મો અને બાહ્ય ખૂણા વિશેના ઉદાહરણ આપવા.<br>• પાયથાગોરસનો પ્રમેય સમજાવવો.<br>• ત્રિકોણની બાજુના મધ્યબિંદુ અને શિરોબિંદુને જોડતી વિવિધ પ્રવૃતિઓ કરાવવી તેજ રીતે ત્રિકોણના વેધની સમજ આપવી<br>• આપેલ ત્રિકોણમાં કોઇપણ બે બાજુના માપનો સરવાળો કરી મળેલ પરિણામની સરખામણી ત્રીજી બાજુ સાથે કરાવવી<br>• તેજ રીતે બંને બાજુના માપની બાદબાકી કરાવી મળતાં પરિણામની સરખામણી ત્રીજી |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|
| છે.<br>M724.5 પાયથાગોરસના ગુણધર્મનો કાટકોણ ત્રિકોણના ઉપયોગ કરી બે બાજુના આપેલ માપ પરથી ત્રીજી બાજુનું માપ શોધે છે. તેમજ તે આધારિત વ્યવહારુ કોયડાઓ ઉકેલે છે. | બાજુના માપ સાથે કરાવવી<br>• સમદ્વિબાજુ અને સમબાજુ ત્રિકોણની સમજ આપવી |
| M725 વિવિધ સમતલીય આકૃતિના પરિમિતિ અને ક્ષેત્રફળ સબંધી સમસ્યાઓ ઉકેલે છે.<br>M725.1 સમાતંર બાજુ ચતુષ્કોણના ક્ષેત્રફળ આધારિત સમસ્યા ઉકેલે છે.<br>M725.2 ત્રિકોણનું ક્ષેત્રફળ આધારિત સમસ્યા ઉકેલે છે.<br>M725.3 વર્તુળનો પરિઘ શોધે છે. તથા તે આધારિત વ્યવહારુ કોયડા ઉકેલે છે.<br>M725.4 વર્તુળનું ક્ષેત્રફળની શોધે છે. તથા તે આધારિત વ્યવહારુ કોયડાઓ ઉકેલે છે.<br>M725.5 ક્ષેત્રફળના માપના એકમોનું રૂપાંતર કરે છે. | • સમાંતરબાજુ ચતુષ્કોણ, ત્રિકોણ અને વર્તુળના ક્ષેત્રફળના સૂત્ર પરથી વ્યવહારૂ કોયડા ઉકેલવા.<br>• માપનમાં વિવિધ એકમોના રૂપાંતરનું દૃઢીકરણ કરાવવું. |

DRAFT